બાયડ મામલતદારના વિવાદિત

જમીન કેસના ઉઘરાણામાં પગતળે રેલો આવતાં હડકંપ

અખબારમાં કોને માહિતી પહોંચાડી..ખેડૂતોને બોલાવી પૂછપરછ શરૂ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

બાયડ મામલતદાર દ્વારા ચલાવાતા વિવાદિત જમીનના કેસમાં મોટાપાયે ખોટું થયાના અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતાં મામલતદાર કચેરીમાં હડકંપ મચી ગયો છે. અખબારમાં માહિતી કોને આપી તે માટે કેટલાક ખેડૂતોને બોલાવી પૂછપરછ શરૂ કર્યાનું જાણવા મળ્યું છે. બાયડ મામલતદાર કચેરીનો એક કર્મચારી રૂા.૫૦ હજાર થી દોઢ લાખ લઈને કેસ ટેબલ ઉપર આવે તે અગાઉ જ શું ચૂકાદો આવશે તેની વિગત પણ આપી દેતો હોવાની ગરમા ગરમ લોકચર્ચાએ સમગ્ર બાયડનગરને હચમચાવ્યું છે.

અત્યાર સુધી બાયડને બદનામ કરનારા કેટલાક સરકારી બાબુઓએ લાખોના ભ્રષ્ટાચારથી ભોળી પ્રજાને

લૂંટવામાં કોઈ કસર રાખી નથી. બાયડ મામલતદાર કચેરીમાં જમીનને લગતો કોઈ વિવાદિત કેસ આવે એટલે બાયડ મામલતદારના કહેવાતા દલાલો કામે લાગી જાય છે. ઝાડ કાપવાથી માંડી અન્ય કેસ હોય તો પણ જેટલા પૈસા નાખો તે પ્રમાણે ચૂકાદો આપવામાં આવતો હોવાના આક્ષેપ પછી હવે જમીનને લગતા કેસમાં ફરિયાદી સાચો હોય તો પણ વિવાદીની તરફેણમાં ચૂકાદો આપવામાં આવે છે અને તે માટે પણ માતબર રકમ ખંખેરી લેવામાં આવે છે. જિલ્લા કલેક્ટર દ્વારા બાયડ મામલતદાર દ્વારા અત્યાર સુધીમાં ચલાવાયેલા વિવાદિત કેસની તપાસ થાય તો મોટો ઘટસ્ફોટ સામે આવી શકે છે. તા.૨૬ના રોજ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થયા પછી મામલતદારના ખાસ ગણાતા કર્મચારીએ એકાદ-બે ખેડૂતોને બોલાવી તમે તો આ માહિતી પહોંચાડી નથી ને..?? તેવી પૂછપરછ શરૂ કરી છે. આ કહેવાતા કર્મચારીએ અત્યાર સુધીમાં મામલતદાર કચેરી તેમજ પ્રાંત કચેરીમાં બેસીને કેટલા વહીવટ કર્યા..?? તેનો પર્દાફાશ પણ ટૂંકમાં થઈ શકે છે.

બાયડ પાલિકામાં રજા છતાં આજે વેરા વસુલાત કરાશે

શનિવારે કચેરીમાં માત્ર વેરા વસુલીનું કામ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

બાયડ પાલિકા દ્વારા બાકી વેરા વસુલવા માટે છેલ્લા એક સપ્તાહથી ઝુંબેશ સઘન બનાવવામાં આવી છે. આજે ચોથા શનિવારે કચેરીઓમાં રજા હોવા છતાં બાયડ પાલિકા વેરા વસુલાત માટે ખુલ્લી રહેશે. કર્મચારીઓને પણ વેરા વસુલાતની કામગીરીમાં જોડવામાં આવશે.

કોરોનાના કપરા કાળમાં આમ આદમીથી માંડી મધ્યમ અને શ્રીમંતો પણ મુશ્કેલીમાં મૂકાયા છે. પરંતુ ધીમે ધીમે ધંધા-રોજગારમાં તેજી આવવાની સાથે હોળી-ધુળેટીનો તહેવાર નજીક આવતાં પ્રજામાં પણ ઉત્સાહનો સંચાર થયો છે. બજારોમાં ખેત પેદાશ ઠલવાતાં ખેડૂતો પાસે પણ આવકનો સ્ત્રોત શરૂ થયો છે. બાયડ પાલિકાની માતબર વેરા વસુલાત બાકી હોવાથી પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ દ્વારા વેરા વસુલાત વધુ સઘન બનાવાઈ છે. આજે શનિવારે રજા હોવા છતાં પણ બાયડ પાલિકામાં વેરા વસુલીનું કામ ચાલુ રાખવામાં આવ્યું છે.

સત્તા મેળવવા દાવપેચ શરૂ : ધનસુરા માર્કેટયાર્ડનો જંગ, આજે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે

૧૫ બેઠકો માટે ૨૮ ઉમેદવારો મેદાનમાં

બાયડ, ધનસુરા (બ્યુરો ઓફિસ) તા.૨૬

ધનસુરા માર્કેટયાર્ડની ચૂંટણીનો જંગ જાહેર થતાં સહકારી માળખામાં રાજકારણ ગરમાયું છે. માર્કેટયાર્ડની ખેડૂત વિભાગની ૧૦, વેપારી વિભાગની ૪ અને સહકાર વિભાગની ૧ બેઠક મળી કુલ-૧૫ બેઠક માટે ૨૮ ઉમેદવારો મેદાનમાં રહેતાં ૨ પેનલ વચ્ચે જંગ જામવાની સંભાવના ઓછી છે. આજે શનિવારે ઉમેદવારીપત્ર પરત ખેંચવાનો દિવસ હોવાથી ચૂંટણી ચિત્ર સાંજના ૩-૦૦ કલાક પછી સ્પષ્ટ થઈ જશે.

ધનસુરા તાલુકાના સહકારી રાજકારણમાં જગદીશભાઈ શામજીભાઈ પટેલનો દબદબો હજુ પણ યથાવત જોવા મળી રહ્યો છે. તાલુકાની સાથે જિલ્લા અને રાજ્યના સહકારી માળખામાં પણ આગવી ઓળખ ઉભી કરી છે. આ સંજોગોમાં વર્તમાન ચૂંટણીમાં તેમની પેનલ મેદાન મારે તો નવાઈ પામવા જેવું નહીં હોય. જ્યારે સાબરકાંઠા બેન્ક ઈન્સ્પેક્ટર તરીકે નિવૃત્ત થયેલા, આકરૂન્દ નાગરિક બેન્કના ચેરમેન જગદીશભાઈ નરસિંહભાઈ પટેલે પણ સહકારી માળખામાં પ્રવેશ માટે ઝંપલાવ્યું છે.

ધનસુરા માર્કેટયાર્ડના ચૂંટણી જંગમાં ખેડૂત વિભાગમાં ૧૬, સહકાર વિભાગમાં ૨ અને વેપારી વિભાગમાં ૧૦ ઉમેદવારો મેદાનમાં છે. ચૂંટણી જંગ સમરસ થાય તે માટે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના અંતિમ દિવસે મુખ્ય ઉમેદવારોએ તમામ તાકાત કામે લગાડી છે. પરંતુ ધનસુરા માર્કેટયાર્ડનો ચૂંટણી જંગ સમરસ થશે કે પછી ચૂંટણી યોજાશે તેનો ફેંસલો આજે થઈ જશે.

સહકાર વિભાગના ઉમેદવારો : બેઠક-૧
ભોગીભાઈ મણીભાઈ પટેલ, દોલપુરા
જગદીશભાઈ શામજીભાઈ પટેલ, વડાગામ

ખેડૂત વિભાગના ઉમેદવારો : બેઠક-૧૦
રામસિંહ ફતેસિંહ રાઠોડ, બાપુપુરા
રમણભાઈ શામજીભાઈ પટેલ, શીકાકંપા
ભોગીલાલ મણીભાઈ પટેલ, દોલપુરકંપા
વિનોદભાઈ લધ્ધાભાઈ પટેલ, હરીપુરાકંપા
નટવરભાઈ કાનજીભાઈ પટેલ, હીરાપુરકંપા
જગદીશભાઈ નરસિંહભાઈ પટેલ, આકરૂન્દ
ભરતસિંહ રામાજી મકવાણા, દોલપુર
શાંતિલાલ મણીલાલ પટેલ, લક્ષ્મણપુરાકંપા
સતિષકુમાર હસમુખભાઈ પટેલ, વડાગામ
નટવરભાઈ છગનભાઈ પટેલ, રમોસકંપા
રાજેન્દ્રસિંહ શિવસિંહ ઠાકોર, ગુજેરી
મહેન્દ્રકુમાર લાલજીભાઈ પટેલ, કેશરપુરાકંપા
સચિનકુમાર અરવિંદભાઈ પટેલ, ધનસુરા
ધનસુખભાઈ કરસનભાઈ પટેલ, દેસાઈપુરાકંપા
મથુરજી ગીધાજી પરમાર, ગુજેરી
જગદીશભાઈ શામજીભાઈ પટેલ, વડાગામ

વેપારી વિભાગના ઉમેદવારો : બેઠક-૦૪
સચિનકુમાર અરવિંદભાઈ પટેલ, ધનસુરા
અશોકભાઈ પરસોત્તમભાઈ પટેલ, આકરૂન્દ
જીજ્ઞેશકુમાર સુરેશભાઈ પટેલ, ધનસુરા
ચેતનભાઈ ગંગારામભાઈ પટેલ, ધનસુરા
દેવેન્દ્રભાઈ મંગળભાઈ પટેલ, ધનસુરા
અનંતકુમાર સોમાભાઈ પ્રજાપતિ, શીકા
ચંદુસિંહ લક્ષ્મણસિંહ ડાભી, બુટાલ
નરેન્દ્રભાઈ લાલાભાઈ પટેલ, ધનસુરા
સતિષભાઈ હસમુખભાઈ પટેલ, વડાગામ
મહેન્દ્રભાઈ લાલજીભાઈ પટેલ, કેશરપુરાકંપા

અરવલ્લી જિલ્લા પંચાયતમાં ૧૦.૫૭ અબજનું પુરાંતવાળું બજેટ પસાર

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનને અંતરીયાળ ગામડા સુધી પહોંચાડવાનો નિર્ધાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

અરવલ્લી જિલ્લા પંચાયતનું રૂા.૧૦,૫૭,૩૬,૦૦,૭૬૭ નું પુરાંતવાળું બજેટ પસાર કરવામાં આવ્યું હતું. મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનને અંતરીયાળ ગામડાં સુધી પહોંચાડવાનો જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણે નિર્ધાર વ્યક્ત કર્યો હતો. તદ્ઉપરાંત જિલ્લાને રાજ્યમાં પ્રથમ હરોળમાં મૂકવા માટે જે કંઈ પુરૂષાર્થ કરવો પડે તે કરવાની સાથે સમાજકલ્યાણ અર્થે ડા.આંબેડકર ભવન યોજના, શિક્ષણ ક્ષેત્રે ઉમાશંકર જોષી જ્ઞાન ઉદ્દીપક યોજના, પન્નાલાલ પટેલ શ્રેષ્ઠ સારસ્વત સન્માન યોજના, રમણલાલ સોની શ્રેષ્ઠ શાળા સન્માન યોજના, ડા.સર્વપલ્લી રાધાકૃષ્ણન સુપર થર્ટી બેચ યોજના, આરોગ્ય ક્ષેત્રે શ્રી ધન્વંતરી આયુર્વેદીક અમૃત પે તેમજ પંચાયત ક્ષેત્રે જિલ્લા પંચાયત તથા તાબા હેઠળની કચેરીમાં શ્રેષ્ઠ કામગીરી માટે શ્રેષ્ઠ કર્મયોગી પુરસ્કારની જોગવાઈ કરવામાં આવી છે. જિલ્લાના વિકાસ માટે દિર્ઘદ્રષ્ટી ભર્યું બજેટ હોવાનું ભાજપના આગેવાનોએ જણાવ્યું છે.

સ્વભંડોળ ઉપર નજર..
ઉઘડતી સીલક અંદાજીત રૂા.૧,૭૫,૧૫,૩૬૨
સ્વભંડોળ અંદાજીત આવક રૂા.૧,૦૩,૪૦,૦૦૦
કુલ સ્વભંડોળ રૂા.૨,૭૮,૫૫,૩૬૨
સ્વભંડોળ અંદાજીત ખર્ચ રૂા.૨,૫૫,૩૬,૬૧૬
સને.૨૦૨૧-૨૨ બંધ સિલક રૂા.૨૩,૧૮,૭૪૬

અરવલ્લી જિલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાયા પછી શુક્રવારે અરવલ્લી જિલ્લા પંચાયત નાણાંકીય વર્ષ-૨૦૨૧-૨૨ નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું. જિલ્લા વિકાસ અધિકારી ડા.અનિલ ધામેલીયા, ઉપપ્રમુખ કનુભાઈ મણાત તથા ચૂંટાયેલા સદસ્યોની હાજરીમાં સામાન્ય સભામાં જિલ્લા પંચાયત પ્રમુખે બજેટ રજૂ કર્યું હતું. તેઓએ સામાન્ય સભામાં પંચાયતી રાજના સ્વપ્ન દ્રષ્ટાઓએ કલ્પેલા લોકરાજ્યના પાયામાં છેવાડાના માનવી અને તેના પરિવારના વિશાળ હિતને ધ્યાને રાખી નિર્ણયો કરવા માટે એક મોટી જવાબદારી માગી લે છે. જે તે પરીપૂર્ણ કરવાના આ કાર્યમાં સહભાગી થવામાં મને સદ્ભાગ્ય મળ્યું છે તે બદલ આભાર માન્યો હતો. તેઓએ સૌનો સાથ સૌનો વિકાસ અભિગમ સાથે સૌનો જિલ્લાના સર્વાંગી વિકાસ માટે સહકાર માગ્યો હતો.

અરવલ્લી જિલ્લા પંચાયતની ૮ સમિતિઓની રચના કરાઈ

બાયડને કારોબારી, શિક્ષણ, ધનસુરાને બાંધકામ સમિતિ, તમામ તાલુકાઓને સ્થાન આપવાનો પ્રયાસ

બાયડ, મોડાસા તા.૨૬

અરવલ્લી જિલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાયા પછી પ્રમુખ-ઉપપ્રમુખ-કારોબારી અધ્યક્ષ સહિતના હોદ્દેદારોની વરણી પછી જિલ્લા પંચાયતની શુક્રવારે યોજાયેલી સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. કઈ સમિતિમાં કોને સ્થાન મળશે તેની અટકળનો અંત આવ્યો છે. અરવલ્લી જિલ્લાના ભવ્ય

અને દિવ્ય વિકાસ માટે હોદ્દેદારોની નિયુક્તિ થયા પછી હવે પ્રજા પણ ઝડપથી વિકાસના કામો હાથ ઉપર લેવાય તેવી ઈચ્છા રાખી રહી છે.

ગત મહિને યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અરવલ્લી જિલ્લા પંચાયતની ૩૦ બેઠકમાંથી ૨૫ બેઠક મેળવી ભાજપે ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓને ધ્યાને રાખી ભાજપે લાલસિંહ હિંમતસિંહ ચૌહાણે અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે મેન્ડેટ આપ્યું હતું. તેઓ ૨૫ વિરૂદ્ધ ૫ મતથી વિજયી બન્યા હતા. ત્યારબાદ ઉપપ્રમુખ તરીકે કનુભાઈ મણાત પણ ભાજપના ઉમેદવાર વિજયી બન્યા હતા. કારોબારી અધ્યક્ષ જીતેન્દ્રકુમાર રમણભાઈ પટેલ, પક્ષના નેતા વિષ્ણુપ્રસાદ ઝાલાની વરણી કરવામાં આવી હતી. બાયડ તાલુકાને ફાળે શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે રમેશભાઈ પટેલની નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે વિવિધ સમિતિઓની રચના બાકી હતી જે જાહેર થતાં અનેક અટકળોનો અંત આવ્યો છે.

સમિતિ	ચેરમેન
કારોબારી સમિતિ	જીતેન્દ્રભાઈ રમણભાઈ પટેલ-ચેરમેન
	સભ્યો : હસમુખભાઈ મડીયા, પ્રિયંકાબેન ડામોર, નિર્ભયસિંહ રાઠોડ, કાળીબેન રબારી, રેખાબેન રાઠોડ, નિતુબેન સોલંકી, શાંતાબેન પરમાર, કુલદિપસિંહ ફનાત.
બાંધકામ સમિતિ	હીરેનકુમાર હિતેષભાઈ પટેલ-ચેરમેન
	સભ્યો : રવિકુમાર પટેલ, કાળીબેન રબારી, નિતુબેન સોલંકી, વિણાબેન ખરાડી.
શિક્ષણ સમિતિ	રમેશભાઈ કેશવલાલ પટેલ-ચેરમેન
	સભ્યો : શાંતાબેન પરમાર, રસિકાબેન ખરાડી, દેવેન્દ્રસિંહ સોલંકી, રવિકુમાર પટેલ, રમીલાબેન પરમાર, કાશીબેન સોલંકી, મહેશભાઈ ઉપાધ્યાય(કો.ઓપ્ટ સભ્ય), ભગવાનભાઈ પટેલ(કો.ઓપ્ટ સભ્ય)
આરોગ્ય સમિતિ	અનિરૂદ્ધસિંહ ફતેસિંહ ચૌહાણ-ચેરમેન
	સભ્યો : સવિતાબેન ચૌહાણ, દેવેન્દ્રસિંહ સોલંકી, કંકુબેન ડામોર, વિષ્ણુપ્રસાદ ઝાલા
અપીલ સમિતિ	લાલસિંહ ચૌહાણ-ચેરમેન
	સભ્યો : નિર્ભયસિંહ રાઠોડ, કનુભાઈ મણાત, વિષ્ણુપ્રસાદ ઝાલા, રાજન પટેલ(પ્રણામી)
સામાજીક ન્યાય સમિતિ	રાજન પટેલ(પ્રણામી)-ચેરમેન
	સભ્યો : રેખાબેન રાઠોડ, રસિકાબેન ખરાડી, કુલદિપસિંહ ફનાત, અભિષેક રાઠોડ
ઉત્પાદન સહ.સિંચાઈ	હીરાબેન કેશરીસિંહ ઝાલા-ચેરમેન
	સભ્યો : પ્રિયંકાબેન ડામોર, રમેશભાઈ પટેલ, હસમુખભાઈ મડીયા, સવિતાબેન ચૌહાણ
મહિલા અને બાળ વિકાસ	રમીલાબેન નટવરસિંહ પરમાર-ચેરમેન
	સભ્યો : હીરેનકુમાર પટેલ, કાશીબેન સોલંકી, જીતેન્દ્રભાઈ પટેલ.

પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોના વધનો પ્રશ્ન ઉકેલો

ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી મુદ્દે ઉગ્ર આક્રોશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

સરકારી પ્રા.શાળા, સરકારી અને અનુદાન મેળવતી મા. અને ઉ.મા. શાળાઓમાં શિક્ષકોની ઘટના કારણે ખાસ કરીને હાઈસ્કુલોમાં શિક્ષણ કથળી રહ્યું છે. પાછલા ૩ વર્ષથી પ્રવાસી શિક્ષકો ઉપર શિક્ષણ કાર્ય નિર્ભર બન્યું છે ત્યારે રાજ્યના શિક્ષણ વિભાગે પ્રાથમિક શાળાઓમાં ૩૯૦૦ શિક્ષકોની ભરતી અને ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની ભરતી માટે પ્રયાસ આદર્યા છે તે આવકાર દાયક છે પરંતુ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોના વધનો પ્રશ્ન ઉકેલ્યા વગર નવી ભરતી થશે તો અંધાધૂંધીની દહેશત છે. ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી મુદ્દે વધમાં ગયેલા પ્રા.શિક્ષકોમાં છૂપો આક્રોશ સપાટી ઉપર આવી શકે છે. રાજ્યના શિક્ષણ મંત્રીએ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે નવી ભરતી જરૂરી હોવાનું જણાવ્યું છે.

ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી અનેક શાળાઓ મર્જ કરવામાં આવી છે. ધો.૧ થી ૫ માં ઓછી સંખ્યાના કારણે અનેક પ્રા.શિક્ષકો વધમાં ગયા અને તેમને પોતાની બીટ, જૂથ અને તાલુકામાં જગ્યા ન હોવાથી દૂર દૂરના તાલુકામાં પાછલી ઉંમરે નોકરી કરવા જવાની નોબત આવી છે. ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાના પ્રા.શિક્ષકો વિભાગના ભરતી નિયમોથી નારાજ થઈ હાઈકોર્ટમાં પહોંચ્યા છે જેનો આવતા સપ્તાહે આખરી ચૂકાદો આવી શકે છે. આ બધા વચ્ચે રાજ્યના શિક્ષણ વિભાગે સરકારી પ્રાથમિક શાળામાં ૩૯૦૦ પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવાનું એલાન કર્યું છે. પ્રા.શિક્ષકોની ભરતીથી અનેક બેરોજગાર પી.ટી.સી. તેમજ તાલીમી સ્નાતકોમાં નોકરીની આશા જન્મી છે પરંતુ દરેક પોતાનું વિચારે એ ઉક્તિ અનુસાર ઓછી વિદ્યાર્થી સંખ્યાના કારણે જે શિક્ષકો પી.ટી.સી. છે અને ધો.૬ થી ૮ માં અયોગ્ય રીતે મૂકવામાં આવ્યા છે તેમને થયેલા અન્યાયને પહેલાં દૂર કરવો જોઈએ અને પછી જ ભરતી કરવી જોઈએ તેવી અરવલ્લી, સાબરકાંઠા જિલ્લાના પ્રા.શિક્ષકોએ માંગણી કરી છે.

અરવલ્લી કોરોનાગ્રસ્ત : દરરોજ ૮૦ આર.ટી.પી.સી.આર., ૪૫૦ રેપિડ ટેસ્ટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

અરવલ્લી જિલ્લો કોરોનાગ્રસ્ત થઈ રહ્યો છે. સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ પછી શહેરી અને ગ્રામ્ય વિસ્તારો સુધી કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યાનું ચિત્ર સામે આવ્યું છે. પાછલા ૪ દિવસમાં જિલ્લામાં વિદ્યાર્થી, શિક્ષકો, કોર્ટના જજ, ડૉક્ટર, વેપારી, સરકારી કર્મીઓ જે રીતે કોરોનાગ્રસ્ત થયાના અહેવાલ બહાર આવ્યા તે ચિંતાજનક છે. જિલ્લામાં દરરોજ આરોગ્ય વિભાગ દ્વારા ૮૦ આર.ટી.પી.સી.આર. અને ૪૫૦ રેપિડ ટેસ્ટ થઈ રહ્યા છે. જિલ્લાની ૧૦ લાખની માનવ વસતી માટે કામગીરી નબળી ગણી શકાય તેમ છતાં જેટલી સુવિધા ઉપલબ્ધ છે તેનો આરોગ્ય વિભાગ બહેતર ઉપયોગ કરી રહી છે. અત્યારે તો સરકાર કે આરોગ્ય વિભાગની જ જવાબદારી હોય તેવી માનસિકતામાંથી બહાર આવી પ્રજાએ સ્વયં સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું, માસ્કનો ફરજીયાત ઉપયોગ કરવો, બિનજરૂરી ઘરની બહાર નહીં નિકળવું..ના નિયમોનું પાલન કરવું પડશે.

કોરોનાના નવા સ્વરૂપથી સમગ્ર વિશ્વ ચિંતિત છે. ગુજરાતમાં જે રીતે કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે તે જોતાં બેકાબુ હોવાનું ચિત્ર સામે આવ્યું છે. અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં દરરોજ પોઝિટિવ કેસમાં ઉછાળો આવી રહ્યો છે આ માત્ર સરકારી દવાખાના, હોસ્પિટલમાં થયેલા ટેસ્ટના આંકડા જાહેર થતા હોય છે પરંતુ ખાનગી આંકડા અત્યંત ચિંતાજનક છે. જિલ્લાના બાયડ, મોડાસામાં કોરોનાની વિસ્ફોટક સ્થિતિ છે તેના ઉપર લાંબો સમય પડદો રહે તેવી કોઈ શક્યતા નથી. કોરોનાગ્રસ્ત અનેક દર્દીઓ સ્થાનિક તેમજ અમદાવાદ-ગાંધીનગરની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. કેટલાક ડૉક્ટરોએ પોતાની હોસ્પિટલમાં દાખલ ન થાય તેવા દર્દીઓને ગામડાઓમાં પહોંચી હોમ ક્વોરન્ટાઈન અને કોરોનાની સારવાર શરૂ કરી છે. વર્તમાન સ્થિતિને જોતાં સરકારે વિના વિલંબે બાયડ, મોડાસા, હિંમતનગર, ઈડર, ભિલોડા સહિતના વિસ્તારોમાં સરકારી કોવિડ હોસ્પિટલ શરૂ કરવી પડશે અન્યથા હોળી-ધુળેટી પછી ખાસ કરીને અરવલ્લી જિલ્લામાં કોરોનાનું ચિત્ર નિરંકુશ બન્યું હોય તો આશ્ચર્ય પામવા જેવું નહીં હોય. આગામી દિવસોમાં ઉત્તર ગુજરાત અને ખાસ કરીને સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાનો મહારાષ્ટ્ર સાથે સીધો નાતો છે. લગ્નસરાની સીઝન અને અનેક શુભ પ્રસંગો ૩૦ માર્ચથી શરૂ થઈ રહ્યા છે. મહારાષ્ટ્રથી આવતા પ્રવાસીઓ કોરોનાને ગામડાઓ સુધી વિસ્તારે તે સંભાવના વધુ છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગનો સંપર્ક કરતાં તેઓ જણાવી રહ્યા છે કે અત્યારે દરરોજ દરેક સી.એચ.સી.ના ૮૦ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ થાય છે. અહીંયાં સેમ્પલીંગ લેવાય છે અને ટેસ્ટીંગ હિંમતનગર કરવામાં આવે છે તેમજ દૈનિક તમામ સરકારી હોસ્પિટલોમાં ૪૫૦ રેપિડ ટેસ્ટ થતા હોવાનો દાવો કર્યો છે.

યે બાત હજમ નહીં હૂઈ : અરવલ્લીમાં માર્ચ મહિનામાં ૪૦ પોઝિટિવ કેસ

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો ક્રૂર પંજો પ્રસરી રહ્યો છે. દરરોજ ૧૫ થી ૨૦ સરેરાશ પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગનો સંપર્ક કરતાં તેઓએ તા.૨૪ માર્ચ સુધીમાં જિલ્લામાં ૪૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. એકપણ મોત થયું નથી તેમ જ ણાવ્યું હતું. લાગે છે કે આરોગ્ય તંત્ર હજુ પણ કોરોનાના કેસને અલગ રીતે મૂલવી રહ્યું છે. એક રીતે યે બાત હજમ નહીં હૂઈ જેવું જણાઈ રહ્યું છે.

બાયડના જયઅંબે મહિલા આશ્રમની ૩૮ બહેનોને કોરોના વેક્સિનેશન

કોરોનાની મહામારી ઝૂંપડાં અને મહેલ સુધી પ્રસરી છે. ત્યારે બાયડમાં જયઅંબે મહિલા મંદબુદ્ધિ આશ્રમમાં ૧૫૯ બિનવારસી બહેનોની સેવા કરવામાં આવી રહી છે. કોરોના વર્કર્સ છે ત્યારે ૬૦ વર્ષથી ઉપરની બિનવારસી બહેનોને જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, બાયડ પ્રાંત અધિકારી, બાયડ મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં ૩૮ બહેનોને કોરોના વેક્સિનેશન આપવામાં આવ્યું છે. આશ્રમના અશોકભાઈ જૈન તથા અન્ય ટ્રસ્ટીઓની કામગીરીને જિલ્લાના અધિકારીઓએ બિરદાવી હતી.